| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | ૦૮ | | |
| દાખલ તારીખ | : | ૧૯ | ૦૫ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૬ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૦ | ૧૮ |

**મે.ના.શ્રી. પાચમાં અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર –૭૮૫/૨૦૨૬**

---

**અરજદાર :** **માલાભાઈ નાથાભાઈ સમેચા( દેવીપૂજક)**
ઉ.વ.:૪૮, ધંધો: રીક્ષા ડ્રાઈવીંગ,
રહે: મકાન નં.૧૯, ડમરૂનગર સોસાયટી, વૃંદાવન નગરની બાજુમાં, રંગોલીનગર, નારોલ, અમદાવાદ.
(હાલ રહે: રાજકોટ જેલ, રાજકોટ.)

**વિરૂદ્ધ**

**સામાવાળા** : (૧) શ્રી સરકાર

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી. એસ.જે. વાઘેલા |
| સામાવાળા તરફે | : | વિ.એ.પી.પી.શ્રી. આર.એલ.પટેલ |

---

**–:: હુકમ ::–**

**(૧)** હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ પ્રમાણે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે રજુ કરવામાં આવી છે. અરજદારની સામે સેકટર–૭ પોલીસ સ્ટેશન, ગાંધીનગર ફ.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૮૨૬૦૩૦૬/૨૦૨૬, બી. એન. એસ.ની કલમ–૩૩૧(૩),૩૩૧(૪),૩૦૫(એ) મુજબનો ગુનો નોંધાયેલો છે.

(૨) **<u>બનાવની ટુંકમાં વિગત</u>:–**

બનાવની ટૂંકમાં વિગત એવી છે કે, તા. ૧૪/૦૩/૨૦૨૬ ના કલાક ૫/૦૦ થી કલાક ૨૨/૦૪/૨૦૨૬ ના આશરે કલાક ૧૭/૦૦ વાગ્યા દરમ્યાન અને તપાસ દરમ્યાન તા.૨૧/૦૪/૨૦૨૬ ના રોજ રાત્રીના સમયે આ કામે પકડાયેલ આરોપીએ ફરિયાદીશ્રીના સગાભાઇ પરેશભાઇના મકાનની લોખંડના સળીયાવાળા બારીના સળીયા તોડી મકાનમાં પ્રવેશ કરી ઘરના એક રૂમમાં આવેલ તિજોરી તથા કબાટના દરવાજા ખોલી તેમાંથી સોનાના ઘરેણા કુલ વજન આશરે ૮૦ તોલા જેની આશરે કિંમત ૮૯,૬૮,૦૦૦/– ના તથા ચાંદીના અલગ અલગ ઘરેણા મળી કુલ વજન આશરે ૨ કિલો ૩૦૦ ગ્રામ આશરે કિંમત રૂા. ૨,૪૭,૦૦૦/– જે સોના–ચાંદીના અલગ અલગ ઘરેણા મળી કુલ આશરે કિંમત રૂા. ૯૨, ૧૫,૦૦૦/–તથા વિદેશી નાણુ ૭૬૦૦/–ડોલર જેનુ ભારતીય નાણુ આશરે રૂા.૭,૧૫,૦૦૦/– તથા લોખંડની લોકર પેટી આશરે રૂા. ૨૫,૦૦૦/–તથા એક ડી.વી.આર. કિંમત રૂા.૦/૦૦ ની મતાનું જે સોના ચાંદીના ઘરેણા તથા વિદેશી નાણુ તથા ચીજવસ્તુ મળી આશરે કુલ રૂા. ૯૯,૫૫,૦૦૦/–ની ચોરી કરી લઇ જઇ જે ઉપરોકત મુદ્દામાલ પૈકી સોના ચાંદીના દાગીના તથા ડોલર તથા લોકર પેટી સાથે આરોપી પકડાઇ જઇ ગુનો કરેલ છે.

**<u>દલીલો:–</u>**

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી. એસ.જે.વાઘેલા ધ્વારા રજુઆત કરવામાં આવી છે કે, હાલના આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે આરોપીની જામીન અરજી વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરી હતી પરંતુ ટ્રાયલ કોર્ટે જામીન અરજી ના મંજૂર કરી છે તેથી હાલની જામીન અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલી છે હાલના અરજદારને પોલીસ કસ્ટડી રીમાન્ડ મંજૂર કરવામાં આવેલા હતા પરંતુ રીમાન્ડ દરમિયાન આ ગુનાને લગતી અન્ય કોઈ પણ ચીજવસ્તુ કે મુદ્દામાલ પ્રાપ્ત થયેલો નથી. હાલના અરજદારને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દેવામાં આવ્યો છે. હવે હાલના અરજદારની ગુનાની

તપાસ માટે કોઈ આવશ્યકતા રહેતી નથી. તેથી અરજદારને જામીન મુક્ત કરવા માટે વિનંતી કરેલી છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી. આર.એલ.પટેલ ધ્વારા રજુઆત કરવામાં આવી છે કે, રૂપિયા 92 લાખની કિંમતની સોના ચાંદીની વસ્તુઓ અને રોકડ રકમની ચોરી કરવામાં આવી છે. હાલનો અરજદાર આ ગુનામાં પ્રથમ દર્શનીય રીતે સંડોવાયેલો છે તેની પાસેથી મુદ્દામાલ પ્રાપ્ત થયેલો છે. હાલના અરજદારની સામે આવા જ પ્રકારના અનેક ગુનાઓ દાખલ થયેલા છે. હાલના અરજદારને અગાઉ પાસા હેઠળ ધરપકડ પણ કરવામાં આવેલી હતી, તેથી અરજદારની જામીન અરજી ના મંજૂર કરવા માટે વિનંતી કરેલી છે.

**(૫) મારૂ એવું માનવું છે કે, હાલના કામે અરજદારને જામીન મુકત કરવા જોઈએ નહિ . તે માટેના કારણો નીચે મુજબ છે :**

**એ)** આ તપાસના કેસમાં અરજદારની સામે જે ગુનો નોંધાયેલો છે અને અરજદારની જે ગુનામાં ધરપકડ કરવામાં આવેલી છે તેની વિગતો જોવામાં આવે તો અરજદારો ફરિયાદીના ઘરમાં ચોરી કરેલી હતી અને આ ઘરમાં રહેલા સોના ચાંદીના ઘરેણાં આ ઉપરાંત વિદેશી ચલણી નાણું વગેરે મળીને લાખો રૂપિયાની કિંમતના ઘરેણાઓ અને વસ્તુઓની ચોરી કરેલી હતી, અને અરજદાર આ ચોરીના મુદ્દામાલ સાથે પકડાયેલો છે જેની ધરપકડ કરવામાં આવેલી છે. આમ આ ગુનો કરવામાં આરોપીની પ્રથમ દર્શનીય રીતે સંડોવણી છે તેવું દેખાય છે.

**બી)** વધુમાં આરોપી સામે એકમાત્ર આ જ ગુનો નોધાયેલો હોય તેવું નથી પરંતુ હાલના આરોપીની સામે આ અગાઉ 23 જેટલા આજ પ્રકારના ગુનાઓ નોધાયેલા છે. આમ આરોપી આજ પ્રકારના ગુનાઓ કરવાની ટેવ વાળો વ્યક્તિ હોય તેવું જણાઈ રહ્યું છે. અલબત જે લીસ્ટ રજૂ કર્યું છે તે પૈકીના કેટલા ગુના સાબિત થયા અને કેટલા ગુનામાં હજી ટ્રાયલ ચાલુ છે તે અંગે કોઈ સ્પષ્ટ વિગતો રજૂ કરવામાં આવી નથી પરંતુ લિસ્ટમાં જે છેલ્લે નોંધ કરી છે તે પ્રમાણે હાલના આરોપીની સામે પાસા એક્ટ મુજબની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે તે

જોતા મારું એવું માનવું છે કે હાલના આરોપીને જો જામીન મુક્ત કરવામાં આવે તો તે જામીન મુક્તિનો દુરુપયોગ કરશે અને આજ પ્રકારના ગુનાઓમાં ફરીથી પોતાની જાતને સંડોવશે.

સી) જામીન મુક્ત કરતી વખતે વ્યક્તિગત સ્વતંત્રતાની સાથે સાથે બહુજન સમાજના હિતને પણ ધ્યાન પર લેવું આવશ્યક છે. જો અરજદારને જામીન મુક્ત કરવામાં આવશે તો દેખીતી રીતે જ એમ લાગે છે કે અરજદાર જે ચોરીના ગુના કરવાની સતત પ્રવૃત્તિ કરી રહ્યો છે તે ફરીથી આવા જ પ્રકારના ગુનાઓ કરશે અને જો તેમ થાય તો સામાન્ય નાગરિકની પરસેવાની કમાણીથી વસાવેલ મિલકતો અને માલમત્તા ઉપર જોખમ થશે.

ડી) સામાન્ય રીતે જ્યારે જામીન મુક્ત કરવા માટેનો હુકમ કરતા હોઈએ ત્યારે એવી શરત રાખવામાં આવતી હોય કે અરજદાર ફરીથી પોતાની જાતને કોઈ ગુનામાં સંડોવે નહીં અને પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરે નહીં. પરંતુ અહીં જે યાદી રજૂ કરવામાં આવી છે તે જોવામાં આવે તો હાલનો અરજદાર સને ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ ની સાલથી લઈને સતત પોતાની જાતને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવી રહ્યો છે. તે જોતા જો અરજદારને જામીન મુક્ત કરવામાં આવશે તો તે ફરીથી આ પ્રકારની પ્રવૃત્તિ કરે તેવી દેખીતી સંભાવના છે.

ઉપરોક્ત કારણોને ધ્યાને લેતા અરજદારને જામીન મુક્ત કરવા ઉચિત લાગતું નથી તેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

– અરજદારની જામીન અરજી આથી **નામજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ : ૦૬ જૂન , ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Dated: 06/06/2026

Place:- Gandhinagar.

**[Virendrasinh Gemalsinh Rana]**

5th Additional Sessions Judge, Gandhinagar.

GJ00964